# 8 વસ્તીવધારાની સમસ્યા

આજે ભારતને જે સમસ્યાઓ મૂંઝવી રહી છે તેમાં વસ્તીવધારાની સમસ્યા મુખ્ય છે. અકબરના સમયમાં પૂરા ભારતની વસ્તી સોળ કરોડ હતી જે અંગ્રેજોના સમયમાં વધીને ચાલીસ કરોડ થઈ (પાકિસ્તાન સાથે). તે પછી વૈદ્યકીય સગવડો વધી એટલે જન્મદર વધ્યો અને મૃત્યુદર ઘટ્યો. પહેલાં એક હજાર પ્રસૂતિએ 450 બાળકો અને માતાઓ મરી ગયાના આંકડા મળે છે. બીજી તરફ લોકોનું આયુષ્ય વધ્યું. પહેલાં કહેવત હતી કે 50 પછી વનમાં પ્રવેશે ત્યારે નસીબદાર હોય તે જ બચે. હવે એંસી-નેવું અને તેથી પણ વધારે ઉંમર સુધી જીવતા થયા છે. બાળકો વધ્યાં છે અને વૃદ્ધો પણ વધ્યા છે. માનવ ખૂબ સ્વસ્થ જીવન જીવી શકે તેવી તમામ શક્યતાઓ વિજ્ઞાને ખડી કરી છે છતાં પણ માનવને એવું સુખી જીવન જીવવા મળતું નથી. વસ્તીવધારો વિકાસને ખાઈ જાય છે. વૃદ્ધો અને બાળકો વધ્યાં તો તેમના પ્રશ્નો પણ વધ્યા છે. માનવજરૂરિયાતો એટલી બધી વધી છે કે સરકાર પહોંચી શકે નહિ. ખાનગીકરણ વધ્યું છે. ખાનગીકરણ મોંઘું બન્યું છે એટલે જીવનનિર્વાહ મોંઘો થયો છે. સંયુક્ત કુટુંબો તૂટી રહ્યાં છે એટલે વધુ ને વધુ નવા-નવા આવાસો બાંધવા જરૂરી થઈ ગયા છે. મજૂરી માટે, નોકરી-ધંધા માટે, બાળકોના શિક્ષણ માટે શહેરો તરફ આંધળી દોટને કારણે શહેરો મોટાં અને બેડોળ બનતાં જાય છે.

વસ્તી અર્થતંત્રને જરૂરી શ્રમ અને નિયોજકો પૂરા પાડે છે. તે દૃષ્ટિએ વસ્તી એ દેશની સંપત્તિ છે. પહેલાંના જમાનામાં પરણિતાને આશિષ આપતા - અષ્ટ પુત્રા ભવ... આઝાદી સમયે ગૌરવપૂર્વક ગવાતું કે, - હૈં હમ ચાલીસ કરોડ! પરંતુ સમય વીતતો ગયો તેમ અનુભવ થવા માંડ્યો કે ઝાઝાં મળ્યાં ને ટોળે વળ્યાં. પરિસ્થિતિ એવી ઊભી થઈ કે દેશ આઝાદ થયો અને આઝાદ ભારતની કલ્યાણકારી યોજનાઓ ઘડાઈ ત્યારે વસ્તીવધારાની સમસ્યાને યોજનામાં સમાવવી પડી. જે દેશની વસ્તી શિક્ષિત, ચારિત્ર્યવાન, સાહસિક, વૈજ્ઞાનિક અભિગમવાળી, સુધારાવાદી અને સશક્ત હોય ત્યાં દેશની પ્રગતિ ખૂબ જ ઝડપી થઈ શકે છે પરંતુ જો દેશની વસ્તી નિરક્ષર, વહેમી, પૂર્વગ્રહયુક્ત, માંદલી અને પ્રગતિ પ્રત્યે ઉદાસીન હોય તો તે અર્થતંત્ર માટે અને સમાજ માટે દરેક ક્ષેત્રમાં બોજારૂપ બને છે. વસ્તી આળસુ અને બિનકાર્યક્ષમ હોય તો ઉત્પાદન કરતાં વપરાશ વધુ કરે તેથી તે આર્થિક પ્રગતિમાં રુકાવટ કે અવરોધ પેદા કરે છે. આમ, વસ્તી એક બાજુએ અસ્કયામત છે તો બીજી બાજુએ જવાબદારી પણ છે. જે નાગરિકો દેશના વિકાસમાં યોગદાન આપી શકે, નાગરિકો ઉદ્યોગ-ધંધા દ્વારા રોજીરોટીની શક્યતાઓ વધારે, ખેતી-પ્રયોગ દ્વારા ઉત્પાદન વધારે તે અસ્કયામત છે. ખુદાબક્ષો, ભિખારીઓ, કામકાજ વગરના નાગરિકો એ એક પ્રકારની જવાબદારી છે.

**વસ્તીની ગીચતા**

સામાજિક વસ્તીશાસ્ત્રમાં જન્મદર, મૃત્યુદર, ગ્રામ-શહેરી વસ્તીની ગીચતાનો પણ અભ્યાસ કરવામાં આવે છે. વસ્તીની ગીચતા એ કોઈ પણ દેશની ભૌગોલિક, સામાજિક, આર્થિક પરિસ્થિતિ સાથે સંકળાયેલી બાબત છે. જેમકે, નદીકિનારાના વિસ્તારોમાં પહાડી પ્રદેશો કરતાં વસ્તી ગીચ હોય છે. મેદાની પ્રદેશોમાં મેદાનો ફળદ્રુપ હોઈ ખેતીની ઉત્પાદકતા વધુ હોય છે જ્યારે પહાડો ઉપર જીવન હાડમારીભરેલું હોય છે. તે જ રીતે જુદાં જુદાં રાજ્યોમાં વસ્તીની ગીચતા ઓછી-વધતી હોય છે.

ગુજરાતમાં 1961માં દર ચો. કિ.મીટરે વસ્તીની ગીચતા 105 હતી જે 2001માં 258 જોવા મળી છે. ગ્રામીણ વિસ્તાર કરતાં શહેરી વિસ્તારમાં ગીચતા વધુ હોય છે. શહેરોમાં રોજીરોટીના સ્રોત, ઉદ્યોગો, પ્રાથમિક જરૂરિયાતો, માળખાકીય સગવડો, પ્રકાશ-પાણી-સંદેશાવ્યવહાર-વાહનોની સુવિધા, શિક્ષણ વગેરે સગવડો સરળતાથી મળી જાય છે. વસ્તીની ગીચતા પ્રાદેશિક વિસ્તારમાં વસ્તીની કુલ સંખ્યાને આધારે ગણવામાં આવતી હોય છે. સમાજશાસ્ત્રમાં વસ્તીની ગીચતા અને સામાજિક સંબંધોને સંબંધ હોવાથી તેનો અભ્યાસ કરવામાં આવતો હોય છે. ભારતમાં કેરલમાં વસ્તીની ગીચતા સૌથી વધુ છે.

**વસ્તીનું કદ**

વિશ્વમાં વસ્તીવૃદ્ધિની દૃષ્ટિએ ભારત બીજું સ્થાન ધરાવે છે. ભારતમાં વસ્તીવૃદ્ધિનો દર અન્ય દેશની તુલનામાં ઘણો ઝડપી છે. 1921 સુધી ભારતમાં વસ્તીવૃદ્ધિની ઝડપ ઘણી ઓછી હતી પરંતુ સ્વતંત્રતા બાદ વસ્તીના કદમાં ઝડપી વધારો થયો છે. આઝાદી સમયે ભારતની વસ્તીનું જે કદ હતું તેના કરતાં બમણી વસ્તી-વૃદ્ધિ આઝાદી પછીના પાંચ દાયકામાં થઈ છે. ભારતમાં દર દસ વર્ષે વસ્તીગણતરી કરવામાં આવે છે જેને 'સેન્સસ' તરીકે ઓળખવામાં આવે છે. સૌપ્રથમ વસ્તીગણતરી 1871માં કરવામાં આવી હતી. ભારતમાં 1901થી 2001 સુધીની સદીમાં વસ્તીવૃદ્ધિ કેટલી થઈ છે તે કોઠા દ્વારા જાણી લઈએ.

**ભારતમાં વસ્તીવૃદ્ધિ (1901થી 2001)**

| વસ્તીગણતરીનું વર્ષ | ભારતમાં વસ્તી (કરોડમાં) | વસ્તીવૃદ્ધિ (1901થી 2001) દસ વાર્ષિક વધઘટ (ટકામાં) |
|---|---|---|
| 1901 | 23.83 | - |
| 1911 | 25.20 | + 00.73 |
| 1921 | 25.12 | - 00.30 |
| 1931 | 27.89 | + 11.00 |
| 1941 | 31.86 | + 14.23 |
| 1951 | 36.10 | + 13.31 |
| 1961 | 43.72 | + 21.64 |
| 1971 | 54.82 | + 24.80 |
| 1981 | 68.52 | + 24.66 |
| 1991 | 84.63 | + 23.50 |
| 2001 | 102.70 | + 21.34 |

ઉપરોક્ત આંકડાઓ દર્શાવે છે કે, ભારતમાં દિન-પ્રતિદિન વસ્તીમાં ખૂબ ઝડપી વધારો થઈ રહ્યો છે. વિશ્વની કુલ વસ્તીના 16 % વસ્તી ભારતમાં છે. જ્યારે વિશ્વના કુલ ભૂમિવિસ્તારનો માત્ર 2.4 % ભાગ જ ભારતમાં છે. આ કેવી વાસ્તવિક અસમાનતાની પરાકાષ્ઠા છે! ભારતમાં ઈ.સ. 1921 સુધી વસ્તીવધારો નહિવત્ હતો. 1911થી 21માં વસ્તીમાં ઘટાડો થયો પરંતુ ત્યારબાદ સતત ઝડપી વસ્તીવધારો થતો જોવા મળ્યો છે. વિકસિત દેશો સાથે તુલના કરતાં જણાય છે કે, ભારતમાં વૃદ્ધિદર ઘણો ઊંચો છે. અન્ય દેશોમાં આ વસ્તીવૃદ્ધિદરનું પ્રમાણ અમેરિકામાં 0.90 %, જાપાનમાં 0.5 %, યુ.કે.માં 0.2 % છે. ભારતમાં સરેરાશ 2 ટકાના દરે વસ્તી વધે છે.

1918માં ઈન્ફ્લુએન્ઝા નામનો રોગ ફાટી નીકળતાં લગભગ 120 લાખ લોકો મરી ગયા હતા. તેથી 1921ની વસ્તીગણતરીમાં વૃદ્ધિદર ઘટવા પામ્યો છે.

**વસ્તીમાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ**

લિંગ-પ્રમાણ એટલે દર હજાર પુરુષો દીઠ સ્ત્રીઓનું પ્રમાણ. સામાન્ય રીતે જૈવિક કારણોસર પુરુષોની તુલનામાં સ્ત્રીઓનો મૃત્યુદર નીચો રહે છે. રોગો સામે મુકાબલો કરવાની ક્ષમતા પુરુષો કરતાં સ્ત્રીઓની વધુ હોય છે. ગામડામાં છોકરી બીમાર હોય તો તેની કાળજી ઓછી લેવાય છે. તે લોકો કહેતા હોય છે કે, 'છોકરીને પથરાય ના પડે' છતાં પણ ભારતમાં દર હજાર પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ ઓછું છે જે વર્ષોવર્ષ ઘટતું જાય છે. જેનાથી અનેક સામાજિક સમસ્યાઓ સર્જાય છે. ભારતમાં સ્વતંત્રતા મળ્યા બાદ વસ્તીમાં લિંગ-પ્રમાણ કેટલું છે તે નીચેના કોઠા દ્વારા જોઈ શકાય છે.

**ભારતમાં લિંગ-પ્રમાણ (1951-2001)**

| વસ્તીગણતરીનું વર્ષ | 1000 પુરુષો દીઠ સ્ત્રી-પ્રમાણ |
|---|---|
| 1951 | 946 |
| 1961 | 941 |
| 1971 | 930 |
| 1981 | 934 |
| 1991 | 927 |
| 2001 | 921 |

ઉપરના કોઠામાં દર્શાવ્યા પ્રમાણે 1951માં 1000 પુરુષો દીઠ સ્ત્રીઓનું પ્રમાણ 946 હતું જે 2001માં ઘટીને 921 થયું છે. 1981ના દસકાને બાદ કરતાં બધા દસકાઓમાં લિંગ-પ્રમાણમાં સતત ઘટાડો થતો રહ્યો છે. જોકે દેશનાં જુદાં-જુદાં રાજ્યોમાં તથા ગ્રામીણ-શહેરી વિસ્તારો વચ્ચે લિંગભેદનું પ્રમાણ અલગ-અલગ જોવા મળે છે. સ્ત્રીઓના ઘટતા જતા પ્રમાણ માટે પણ સમાજમાં પ્રવર્તતાં મૂલ્યો જેમ કે, પુત્રજન્મનું મહત્ત્વ, છોકરીઓમાં બાળમૃત્યુદરનું ઊંચું પ્રમાણ અને સ્ત્રીભ્રૂણ હત્યાનું વધતું પ્રમાણ વગેરે જવાબદાર છે. સ્ત્રીઓની સંખ્યામાં ઘટાડો એ સમાજ માટે ચિંતાનો વિષય છે; એટલું જ નહિ અનેક પ્રકારની અસામાજિક સમસ્યાઓ ઊભી કરે છે. ગુજરાતમાં 920 છે. ઊંઝા તાલુકામાં બહેનોની સંખ્યા 742 અને ઊંઝા શહેરમાં 2001ની વસ્તી-ગણતરી પ્રમાણે બહેનોની સંખ્યા ફક્ત 721 છે જે ગુજરાતમાં સૌથી ઓછી છે. આની ગંભીરતા સમજીને પ્રચારમાધ્યમો દ્વારા લોકશિક્ષણનું કામ હાથ ધરાયું છે અને કાયદાની પણ મદદ લેવામાં આવી રહી છે.

**ગ્રામીણ-શહેરી વસ્તી**

ભારત ગામડાંનો બનેલો દેશ છે. ભારતની લગભગ 75 % વસ્તી ગામડાંમાં અને 25 % વસ્તી શહેરોમાં વસે છે. સ્વતંત્રતા પછી શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણની પ્રક્રિયા તથા આર્થિક વિકાસના પરિણામસ્વરૂપે જ્યાં-જ્યાં મોટા ઉદ્યોગોની સ્થાપના થઈ ત્યાં શહેરોનો વિકાસ થયો. ગામડાંમાં ગૃહઉદ્યોગ અને ગ્રામઉદ્યોગ તૂટી ગયા તથા આકાશીખેતીના કારણે બેકારી વધી. દરેક હાથને કામ નહિ મળવાથી રોજી માટે ગામડાંમાંથી લોકો શહેરોમાં સ્થળાંતર કરવા લાગ્યા. આ પ્રક્રિયાએ શહેરોમાં વસ્તીનું પ્રમાણ વધાર્યું છે જે પૃષ્ઠ 86 પરના કોઠામાં જોઈએ.

**ભારતમાં ગ્રામીણ-શહેરી વસ્તી**

| વસ્તીગણતરીનું વર્ષ | કુલ વસ્તીના ટકા | |
|---|---|---|
| | ગ્રામીણ | શહેરી |
| 1901 | 89.20 | 10.80 |
| 1911 | 89.70 | 10.30 |
| 1921 | 88.80 | 11.20 |
| 1931 | 88.00 | 12.00 |
| 1941 | 86.10 | 13.90 |
| 1951 | 82.70 | 17.30 |
| 1961 | 82.00 | 18.00 |
| 1971 | 80.10 | 19.90 |
| 1981 | 76.70 | 23.30 |
| 1991 | 74.30 | 25.70 |
| 2001 | 76.30 | 24.60 |

ઉપરોક્ત કોઠામાં જોતાં જણાય છે કે, 1970 પહેલાં શહેરીકરણની પ્રક્રિયાની ગતિ ધીમી દેખાતી હતી તે 1970 પછી ઝડપી માલૂમ પડે છે. ગુજરાતમાં કુલ વસ્તીના 62.64 % લોકો ગ્રામીણ વિસ્તારોમાં વસે છે જ્યારે 37.36 % લોકો શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે.

શહેરોમાં પ્રાથમિક જરૂરિયાતો અને માળખાકીય સુવિધાઓ સરળતાથી પ્રાપ્ત થાય છે. તેથી વ્યક્તિને તેનામાં રહેલી શક્તિઓ બહાર લાવવાની અનુકૂળતા છે; એટલું જ નહિ પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણની સારી સુવિધાઓ મેળવવા કેટલાંક કુટુંબો એકાદ વડીલને સાથે રાખી ખાસ કુટુંબનાં બાળકોને ભણાવવા માટે શહેરોમાં રહેતાં હોય છે પરંતુ મુખ્યત્વે રોજગારી માટે શહેરો તરફની દોટ જોવા મળે છે.

**સાક્ષરતાનો દર**

કોઈ પણ દેશના વિકાસનો આધાર લોકોની સાક્ષરતાના પ્રમાણ ઉપર રહેલો છે. સ્વતંત્રતા પછી ભારતમાં સાક્ષરતાના દરમાં વૃદ્ધિ થાય તેના માટેના અનેક પ્રયત્નો કરવામાં આવ્યા છે. જેમકે ભારતના બંધારણ પ્રમાણે 14 વર્ષ સુધીની ઉંમરના દરેક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાના પ્રયત્નો ચાલે છે. તે જ રીતે ગુજરાત અને કેટલાંક અન્ય રાજ્યોમાં કન્યાકેળવણી મફત થતાં સ્ત્રીશિક્ષણનું પ્રમાણ વધ્યું છે. શાળા પ્રવેશોત્સવ, કન્યાકેળવણી, રથયાત્રા, દરેક કન્યા ધોરણ સાત સુધી ભણે તે માટે રાજ્યસરકાર રૂપિયા એક હજારનું 'વિદ્યાલક્ષ્મી બૉન્ડ' વગેરે પ્રોત્સાહન આપે છે.

ગુજરાતમાં ત્રણ જ વર્ષમાં પ્રાથમિક કન્યાશિક્ષણમાં પ્રવેશ ટકાવારી 98.50 % અને પ્રાથમિક શિક્ષણમાં 99.00 % ઉપર પહોંચી છે. પ્રાથમિક શાળામાંથી ઊઠી જનાર બાળકોનું પ્રમાણ 36.00 %થી ઘટીને 17.00 % ઉપર પહોંચ્યું છે.

ભારતમાં સ્ત્રી-પુરુષોમાં સાક્ષરતાના પ્રમાણમાં કેવો તફાવત છે તે જોઈએ.

**સાક્ષરતાનો દર**

| વર્ષ | સ્ત્રીઓ | પુરુષો | કુલ |
|---|---|---|---|
| 1951 | 08.86 | 27.15 % | 18.32 % |
| 1961 | 15.33 | 40.40 % | 28.31 % |
| 1971 | 21.97 | 45.95 % | 34.45 % |
| 1981 | 29.76 | 56.38 % | 43.56 % |
| 1991 | 39.29 | 64.13 % | 52.27 % |
| 2001 | 53.07 | 75.03 % | 64.80 % |

ઉપરોક્ત કોઠામાં જોવા મળે છે કે, 1981 પછી સ્ત્રી-પુરુષમાં સાક્ષરતાના પ્રમાણમાં ઝડપી વધારો થઈ રહ્યો છે જેમાં છેલ્લા દસકામાં કન્યાકેળવણીમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે. વસ્તીગણતરી 2001 મુજબ સૌથી વધુ સાક્ષરતા કેરાલામાં પુરુષોમાં 94.20 % અને સ્ત્રીઓમાં 87.70 % જ્યારે સૌથી ઓછું પ્રમાણ બિહારમાં જોવા મળ્યું છે જેમાં પુરુષોમાં 59.70 % અને સ્ત્રીઓમાં 33.10 % છે. ગુજરાતમાં કુલ સાક્ષરતાનું પ્રમાણ 69.10 % છે જેમાં પુરુષોમાં 79.70 % અને સ્ત્રીઓમાં 57.80 % છે. સરકારના પ્રયત્નો જોતાં આ ટકાવારી ઝડપથી વધી જશે તેમ લાગે છે.

**જન્મદર**

કોઈ પણ દેશમાં વસ્તીનીતિ નિર્ધારણમાં જન્મદરના આંકડા મહત્ત્વના ગણાય છે. જન્મદર એટલે દર હજારની વસ્તી દીઠ વર્ષ દરમિયાન જન્મેલાં કુલ બાળકો દ્વારા વસ્તીમાં થતો વધારો.

**ભારતમાં જન્મદર**

| વર્ષ | કુલ |
|---|---|
| 1971 | 36.90 % |
| 1981 | 33.90 % |
| 1991 | 29.50 % |
| 1992 | 29.20 % |
| 1993 | 28.20 % |
| 2001 | 26.40 % |

ભારતમાં કુટુંબનિયોજનની અસરને કારણે 1971થી 2001ના 30 વર્ષના ગાળામાં ભારતમાં ક્રમશઃ જન્મદર ઘટતો જોવા મળે છે. જે દર્શાવે છે કે, સરકારના કુટુંબનિયોજનના કાર્યક્રમોને લોકો દ્વારા સ્વીકૃતિ મળતી જાય છે. જન્મદરનું પ્રમાણ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં જુદું જુદું જોવા મળે છે. શહેરોમાં આરોગ્ય-સેવાઓ, આવકવૃદ્ધિ, સ્ત્રીઓમાં શિક્ષણનું ઊંચું પ્રમાણ, બાળકોના ઉછેર પાછળ થતા ખર્ચાઓની સભાનતા, સુખી-સંપન્ન લોકોને જોઈને પોતાનું જીવન સુખી કરવા વિકસતી સમજ, શિક્ષણનો સંપર્ક વગેરે કારણે જન્મદર ગામડાં કરતાં ઓછો છે. જ્યારે ગામડાંમાં યોગ્ય આરોગ્યવિષયક સુવિધાઓનો અભાવ, ગરીબી, બેકારી, નાની ઉંમરે લગ્ન કરવાનો રિવાજ, ઓછું શિક્ષણ, મનોરંજનનાં સાધનોનો અભાવ વગેરે ઊંચા જન્મદરનાં મહત્ત્વનાં કારણો છે. ગ્રામીણ વિસ્તારોમાં જન્મદરની સાથે મૃત્યુદરનું પ્રમાણ પણ શહેરી વિસ્તારો કરતાં ઊંચું જોવા મળે છે.

### મૃત્યુદર

જન્મ અને મૃત્યુ એ બંને જૈવિક અને કુદરતી ઘટનાઓ છે. જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. આથી મૃત્યુદર કદી પણ '0' પર લાવી શકાતો નથી. વસ્તી અને સમાજના અભ્યાસમાં જન્મદરનું જેટલું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ મૃત્યુદરનું છે. વસ્તીમાં થતી વધઘટ સમજવા માટે જન્મદરની સાથે સાથે મૃત્યુદર વિશેની ચોક્કસ સમજ મેળવવી આવશ્યક છે.

કોઈ પણ દેશ કે પ્રદેશની કુલ વસ્તીના પ્રતિવર્ષ પ્રતિ એક હજારની વસ્તી દીઠ થતા મરણને મૃત્યુદર કહેવામાં આવે છે.

**ભારતમાં મૃત્યુદર (1901થી 1993)**

| સમયગાળો | વાર્ષિક મૃત્યુદર (પ્રતિ 1000ની વસ્તી દીઠ) |
|---|---|
| 1901-10 | 42.6 |
| 1911-20 | 47.2 |
| 1921-30 | 36.3 |
| 1931-40 | 31.2 |
| 1941.50 | 27.4 |
| 1951-60 | 22.8 |
| 1961-70 | 19.0 |
| 1971-80 | 15.0 |
| 1981-90 | 12.2 |
| 1991-93 | 09.3 |

ઉપરની વિગત જોતાં જણાય છે કે, ભારતમાં 1971ની સરખામણીએ 1991માં મૃત્યુદરમાં ઠીકઠીક ઘટાડો લાવી શકાયો છે. તેમાં પણ 4 વર્ષ સુધીની વયજૂથમાં મૃત્યુદર નોંધપાત્ર રીતે ઘટ્યો છે પરંતુ શહેરી વિસ્તારની તુલનાએ ગ્રામીણ વિસ્તારમાં મૃત્યુદર ઊંચો જોવા મળે છે. 1991માં 70 વર્ષના વયજૂથમાં શહેરી વિસ્તારોમાં મૃત્યુદર 84 % અને ગ્રામીણ વિસ્તારોમાં 93.3 % થી ઘટીને 91.4 % થયો છે. તમામ વયજૂથોમાં મૃત્યુદર 1971માં શહેરી વિસ્તારમાં 9.7 % અને ગ્રામીણ વિસ્તારમાં 16.4 % હતો જે 1991માં શહેરી અને ગ્રામીણ ક્ષેત્રોમાં અનુક્રમે 10.6 % અને 7 % થયેલો છે.

ભારતની વસ્તી-સમસ્યાનું હાર્દ જન્મદરમાં ધીમો ઘટાડો છે. તેની સાથે મૃત્યુદરમાં થતો ઘટાડો વસ્તીવૃદ્ધિની સમસ્યા સર્જે છે. સ્વતંત્રતા બાદ ભારતમાં વધતી આરોગ્યવિષયક સેવાઓ, અનેક અસરકારક વૈજ્ઞાનિક શોધો, દવાઓ, ચેપી રોગોના અંકુશ માટેના ઉપાયો, લોકજાગૃતિ વગેરેને કારણે મૃત્યુદરમાં ઘટાડો થવા લાગ્યો છે. 50 વર્ષ પછીની સ્ત્રીઓમાં સ્ત્રીઓના મૃત્યુદરનું પ્રમાણ ઓછું છે. તેને કારણે 50 વર્ષ પછીની સ્ત્રીઓમાં વિધવાઓનું પ્રમાણ વધુ જોવા મળે છે. આ પણ કેવી કુદરતી અસમતુલા છે. માટે તો વિધવાનિર્વાહની સરકારી સહાયો શરૂ કરવી પડી છે.

### વસ્તીવધારાનાં કારણો

આપણે જોયું કે ભારતમાં અતિશય ઝડપથી વસ્તી વધતી જાય છે. સરકાર કુટુંબનિયોજનની મોટી ઝુંબેશ પ્રથમ પંચવર્ષીય યોજનાથી ચલાવે છે. તેની પાછળ અબજો રૂપિયાનો ખર્ચ થાય છે. વસ્તીવધારાનો દર ઘટાડવા

માટે દુનિયાના અન્ય સમૃદ્ધ દેશો ભારતને મોટી આર્થિક મદદ કરે છે. હવે દુનિયા વિજ્ઞાનના ચમત્કારે નાની બનાવી દીધી છે. આપણી અતિવસ્તી પર્યાવરણનો બગાડ કરે, જીવનજરૂરી ચીજવસ્તુઓ અને દુર્લભ વસ્તુઓની વપરાશ વગેરેમાં ભાગ પડાવે જેમ પડોશીનો વસ્તાર વધુ હોય તો કંઈ ને કંઈ તકલીફો ઊભી કરે તેવું જ વિશ્વનું છે.

વસ્તી વધતી જ જાય છે તેનાં અનેક કારણો છે.

### (1) વધુ બાળકો માટે સામાજિક વલણ

ભારતની બધી કોમોમાં અને જાતિઓમાં ત્રણ કે વધુ બાળકો હોવાં લોકો જરૂરી માને છે. બે દીકરા અને એક દીકરી હોય તે સ્થિતિને વધુ પસંદ કરે છે. કદાચ એક દીકરો અવસાન પામે કે આડા રસ્તે જાય તોપણ એક દીકરો તેમને ઘડપણમાં સાચવે એવી લોકોની સમજ અને અપેક્ષા હોય છે. ગામડાંમાં એક કહેવત છે કે, 'એક દીવે દીવો નહિ અને એક દીકરે દીકરો નહિ.'

### (2) વંશવેલો ચાલુ રાખવો

હિંદુઓમાં એવી પણ ધાર્મિક માન્યતા છે કે, દીકરો હોય તે શ્રાદ્ધક્રિયા કરીને પિંડદાન કરે ત્યારે પિતૃઓનો મોક્ષ થાય છે અને પિંડદાન આપવાનો ધાર્મિક અધિકાર પુત્રને છે, પુત્રીને નથી. તે ઉપરાંત પુત્ર વડે જ માતાપિતાનો વંશ ચાલુ રહે છે એવું પણ મનાય છે. આવી માન્યતાઓને લીધે દીકરીઓ ગમે તેટલી થાય તોપણ પુત્ર થાય તેવી લોકોને ઝંખના રહ્યા કરે છે. તેથી 13 દીકરીઓ પછી ચૌદમું સંતાન દીકરો હોવાના પણ દાખલા મળે છે. સાત દીકરી પછી આઠમો પુત્ર જન્મે તેવી પણ એક માન્યતા હોઈ પુત્રની આશાએ ઘણાને સાત દીકરીઓ થતી હોય છે.

### (3) લગ્નવય

નાની વયે લગ્ન થાય તેમ વધારે બાળકો થવાનો સંભવ વધુ રહે છે. હવે કાયદાથી બાળલગ્નને ગુનો ગણવામાં આવે છે. હજી અનેક રાજ્યોમાં, પછાત વિસ્તારોમાં અને કેટલીક કોમોમાં લોકો કાયદાનું પાલન કરતા નથી. છોકરાની ઉંમર 21 વર્ષ અને છોકરીની ઉંમર 18 વર્ષ એ લગ્નની કાયદાની દૃષ્ટિએ યોગ્ય ઉંમર છે છતાં બાળલગ્નો ચાલુ રહે છે. પારસીઓ ખૂબ જ મોટી ઉંમરે લગ્ન કરે છે તેથી તેમને એક કે વધુમાં વધુ બે બાળકો જોવા મળે છે. તેથી તેમની વસ્તી ઘટતી જાય છે.

### (4) નિરક્ષરતા

જે લોકોમાં શિક્ષણનું ઊંચું પ્રમાણ છે તેઓ પોતાનું ઊંચું જીવનધોરણ ટકાવી રાખવા માટે એક કે બે બાળકોથી સંતોષ માને છે અને એ બાળકોને સારી રીતે ઉછેરીને ભણાવીગણાવીને તૈયાર કરે છે જેથી ભવિષ્યમાં તે સારું જીવન જીવી શકે પરંતુ જે લોકો ગરીબ, અભણ અને અજ્ઞાન છે તેમજ મજૂરી કરીને જ જીવે છે તેઓ અજ્ઞાનવશ એવું માને છે કે વધારે બાળકો હોય તો મજૂરી કરીને વધારે કમાણી કરી લાવે. અજ્ઞાનતાને કારણે તેઓ કુટુંબનિયોજનનો લાભ લેતાં ડરે છે અને બાળકો તો ઈશ્વરના આશીર્વાદ છે, ભગવાન જ કરે છે તેવું આશ્વાસન મેળવે છે.

ભારતમાં કેરાલા રાજ્યમાં સહુથી વધુ સાક્ષરતા છે તેથી ત્યાં અન્ય રાજ્યોની સરખામણીમાં વસ્તી-વધારાનો દર સૌથી ઓછો છે. યુરોપના કેટલાક અતિ સમૃદ્ધ દેશોમાં સો ટકા સાક્ષરતા હોવાથી ત્યાં વસ્તી દર વરસે ઘટતી જાય છે અને ત્યાંની સરકારો વધારે બાળકોને જન્મ આપનાર દંપતીઓને આર્થિક મદદ કરે છે અને વસ્તીવધારાને પ્રોત્સાહન આપે છે. આમ, આપણે જોઈ શકીએ છીએ કે નિરક્ષરતાને વસ્તીવધારા સાથે સીધો સંબંધ છે.

### (5) સારી આરોગ્યસેવાઓ

આઝાદી આવ્યા પછી આરોગ્યસેવાઓમાં સુધારો અને વિસ્તાર થયો છે. કૉલેરા, શીતળા, મેલેરિયા, પ્લેગ, ટીબી, પોલિયો જેવા જીવલેણ રોગો કાં તો કાબૂમાં આવ્યા છે અથવા કેટલાક તો સદંતર નાબૂદ થયા છે. આ રોગોના લીધે મોટા પાયે બાળમૃત્યુ પામતા હતા તેને સ્થાને મરણ-પ્રમાણમાં મોટો ઘટાડો થયો છે. પહેલાં કરતાં વૃદ્ધોના આયુષ્યમાં ખૂબ જ વધારો થયો છે. મરણ-પ્રમાણ ઘટવાથી પણ વસ્તીમાં વધારો થવાનું પરિણમે છે.

### (6) પોષણક્ષમ આહાર

છેલ્લાં ત્રીસેક વર્ષથી દેશમાં અનાજ, કઠોળ, શાકભાજી, દૂધ વગેરેનું ઉત્પાદન સારા પ્રમાણમાં વધવાથી લોકો પહેલાં કરતાં હવે વધારે સારો પોષક ખોરાક મેળવી શકે છે. તેથી રોગપ્રતિકારક શક્તિ વધી છે. તેમનું આરોગ્ય જળવાય છે. આરોગ્ય વિષે જાગૃતિ આવી છે. આ બધાં કારણોને લીધે લોકો વધારે લાંબું જીવન જીવતા થયા છે. આઝાદી આવી ત્યારે દેશના લોકોનું સરેરાશ આયુષ્ય 27 વર્ષનું હતું તે વધીને 20મી સદીના અંતે 64 વર્ષનું થયું છે.

### (7) મર્યાદિત કુટુંબમાં લોકોની અશ્રદ્ધા

આજે કુટુંબનિયોજનની વાતો તો નાનાં-નાનાં ગામડાં સુધી આરોગ્યકાર્યકરો દ્વારા પહોંચી છે. કુટુંબ-નિયોજનનાં સૂત્રો પણ ખૂબ પ્રચાર પામ્યાં છે. શરૂઆત 'બે કે ત્રણ બાળકો બસ' એ સૂત્રથી થઈ. પછી 'અમે બે અમારાં બે', 'ઓછાં બાળ જય ગોપાળ' અને 'નાનું કુટુંબ સુખી કુટુંબ' એમ વિવિધ સૂત્રો પ્રચારમાં આવ્યાં. ચિત્રો, ચિત્રપટ, ચર્ચાજૂથો, ભીંતચિત્રો અને સાક્ષરતા અભિયાન વગેરે દ્વારા ખૂબ પ્રચાર થયો. લોકો નાના કુટુંબની આ બધી વાતો સાંભળે છે પણ પોતાના કુટુંબજીવનમાં તેનો અમલ આંશિક કરે છે તેથી જોઈએ તેટલું ઝડપી પરિણામ મળતું નથી.

### (8) લગ્નની સાર્વત્રિકતા

માબાપ પોતાનાં સંતાન અશક્ત, મંદબુદ્ધિ, ચેપી કે વારસાગત રોગી હોય તોપણ તે પ્રભુતામાં પગલાં માંડે તેવી લાલસા રાખે છે. શારીરિક ખોડ-ખાંપણવાળાઓ પણ લગ્નગ્રંથિથી જોડાય છે. આર્થિક રીતે પગભર ન હોય તેવાં યુવક-યુવતીઓ પણ પ્રભુતામાં પગલાં માંડે છે. વિધુરો બે ત્રણ કે તેથી વધુ વખત લગ્ન કરતાં અચકાતા નથી. ભારતમાં લગ્ન એક સંસ્કાર છે, કરાર નથી. લગ્નોની આવી સાર્વત્રિકતાને કારણે જન્મદર ઊંચો રહે તેમાં શી નવાઈ?

આ ઉપરાંત મુસલમાનોમાં ચાર પત્ની કરવાની છૂટને કારણે બંને કે જે હોય તે દરેક સ્ત્રી માતા બને છે. ઘણી વાર એક જ છોકરો હોય તો ઘરની અને ખેતીની સંભાળ રાખવા મજૂરને બદલે ઘરની વ્યક્તિ હોય તો વફાદારીથી વગર ખર્ચે કામ કરે માટે અમુક આદિવાસી વિસ્તારોમાં આવા હેતુસર પણ બે કે તેથી વધુ પત્ની કરવાનો રિવાજ છે. આ માટે હવે સરકાર સજાગ છે, સમાજ પણ જેમ જેમ વધુ શિક્ષિત બનતો જાય છે તેમ તેમ 'દીકરો-દીકરી એક સમાન' સૂત્રને સમજશે અને અપનાવશે.

### વસ્તીવધારાનાં પરિણામ

સામાન્ય પરિવારમાં બને છે તેમ દેશનો વસ્તીવધારો વિકાસને ખાઈ જાય છે. દેશમાં દર વર્ષે અનાજ, કાપડ અને બીજી વપરાશી વસ્તુઓનું ઉત્પાદન વધે છે, નવી-નવી પ્રાથમિક માધ્યમિક શાળાઓ ખૂલે છે. કૉલેજો વધે છે. દવાખાનાં અને ડૉક્ટરોની સંખ્યા પણ વધતી જાય છે. એસટી બસો અને વાહનોની સંખ્યામાં ઉમેરો થતો જાય છે. નવી-નવી રેલગાડીઓ વધતી જાય છે. નવી દુકાનોના રાફડા ફાટ્યા છે. શહેરો અને

કસબે કસબે શૉપિંગ સેન્ટરો, અપના બજારો, બિગ બજારો, બહુમાળી વેપાર ભવનો ખૂલતાં જાય છે. વીજળીનું ઉત્પાદન વધે છે તેમ છતાં ચારેતરફ બધી જ બાબતોની તંગી વરતાય છે. પીવાનું ચોખ્ખું પાણી પણ બધા માટે સુલભ નથી. જીવનની પ્રાથમિક જરૂરિયાતો માટે માણસો વલખાં મારે છે. અસંખ્ય લોકો ઝૂંપડપટ્ટીમાં જીવે છે. હાટ, બજાર, દુકાનો, દવાખાનાં, બસસ્ટૅન્ડ, રેલવેસ્ટેશન માણસોથી ઊભરાય છે. વસ્તીવધારાની સમસ્યા અણુબૉમ્બ જેટલી ખતરનાક છે. માટે તો નિષ્ણાતો એને વસ્તીવિસ્ફોટના નામે ઓળખે છે. આ વસ્તી-વિસ્ફોટની વિઘાતક અસરો જોઈએ.

**(1) બેકારી વધે છે :**

મોટાં યંત્રોના આ જમાનામાં એક બાજુ યંત્રો માનવીનું કામ લઈ લે છે અને બીજી બાજુ દર વર્ષે આશરે સવા કરોડ નવાં બાળકોનો જન્મ થાય છે. નિષ્ણાતોના મતે ભારતમાં દર વર્ષે એક ઑસ્ટ્રેલિયા દેશની વસ્તી જેટલી વસ્તી ઉમેરાય છે. બધાને રોજગારી મળતી નથી તેથી ભણેલા અને અભણ બંને પ્રકારના લોકોની બેકારી વધે છે. વ્યક્તિ સશક્ત હોય, કામ કરવાની તૈયારી હોય અને છતાં તેને કશું જ કામ ન મળે તેના જેવી દુ:ખદ સ્થિતિ કઈ હોય?

**(2) ગરીબી વધે છે :**

લોકોને જ્યારે કામ ન મળે ત્યારે જે બેકાર રહે તેમને કશી જ કમાણી થતી નથી. કમાણી ન થાય છતાં ખોરાક, કપડાં અને બીજા ખર્ચાઓ ચાલુ જ રહે છે એટલે ધીમેધીમે તેમની પાસેના બધા પૈસા ખર્ચાઈ જાય છે. પછી દાગીના તેમજ ઘરવખરી પણ વેચાઈ જાય છે ને છેવટે કુટુંબ દેવાદાર થઈ જાય છે અને વારસામાં દીકરાને દેવું આપતા જાય છે.

**(3) નિરક્ષરતા વધે છે :**

રોજગારી ન મળવાને કારણે બેકાર અને ગરીબ થયેલો માણસ પોતાનાં બાળકોને શાળામાં ભણવા મોકલી શકતો નથી; ઊલટું રોટલા માટે રઝળતા લોકો બાળકોને શાળાએ જતાં રોકે છે. બાળકો પાસે બાળમજૂરી કરાવે છે કે પછી નાનાં ભાઈ-બહેનને સાચવવાનું કામ કરે છે. આવી રીતે દેશમાં અભણ બાળકોની સંખ્યા વધતી જાય છે ને અભણ માણસ ગરીબ બની જાય છે ને નિરક્ષરતામાં વધારો થાય છે. આમ, નિરક્ષરતા ને ગરીબી એકબીજાને ટકાવે છે માટે તેમાં વધારો થાય છે.

**(4) આર્થિક વિકાસ મંદ પડે છે :**

બેકારીના કારણે કામ કરવા તૈયાર માણસોને પણ કામ મળતું નથી તેથી તેની ઉત્પાદનશક્તિ ઓછી થઈ જાય છે. તેના કારણે દેશમાં આર્થિક પ્રગતિ મંદ પડે છે.

**(5) શહેરોમાં ઝૂંપડપટ્ટી વધે છે :**

વસ્તી વધતી જાય છે અને ગામડાંમાં વિકાસકાર્યો સૌને પહોંચી વળે એટલાં થતાં નથી. ખેતી આકાશિયા હોવાથી આવક અનિશ્ચિત બની જાય છે. ચોમાસાની અનિયમિતતા અને ઓછો વરસાદ ખેડૂતોને મુશ્કેલીમાં મૂકે છે. પૂરતી સિંચાઈનો અભાવ છે. અતિવર્ષા, હિમ જેવી કુદરતી આફતો પાકને નિષ્ફળ બનાવે છે. ગામડાંમાં વારસાગત ધંધાઓ મોટા ઉદ્યોગો થવાને કારણે નાશ પામ્યા છે. આથી લોકોને મજૂરીનું કામ પણ મળતું નથી. આવા લોકો મજૂરી મેળવવાની આશાએ શહેરોમાં ચાલ્યા જાય છે. ત્યાં તેમને ઝૂંપડપટ્ટીમાં રહેવું પડે છે. આ રીતે શહેરોમાં પણ અતિશય વસ્તીવધારાથી ત્યાં પણ શિક્ષણ, આરોગ્યસેવાઓ, વાહનવ્યવહાર, પીવાનું પાણી જેવી જરૂરિયાતોને પહોંચી વળાતું નથી. પ્રદૂષણ ખૂબ વધે છે. આથી લોકો ન કરવા જેવાં ગુનાખોરીનાં કામો કરતા થઈ જાય છે. લોકો અભાવગ્રસ્ત જીવન જીવે છે જેને કારણે ગુનાખોરી વધે છે.

## વસ્તીવધારાનો ઉકેલ

કોઈ પણ સમસ્યાનો ઉકેલ કરવો હોય તો એ સમસ્યાના ઉદ્ભવનાં કારણો શોધી કાઢવાં જોઈએ અને તેમને દૂર કરવાં જોઈએ. આટલું કરી શકાય તો સમસ્યાના ઉકેલની ચાવી હાથ લાગે છે અને તેનો ઉકેલ કરવામાં થોડી વહેલી કે મોડી પણ સફળતા મળી શકે છે. ભારતમાં વસ્તીવધારાને રોકવા નીચેના ઉપાયો ઉપર વિશેષ લક્ષ આપવું જોઈએ.

**(1) નિરક્ષરતા નાબૂદી :**

આ હેતુ સિદ્ધ કરવા માટે શિક્ષણનો વ્યાપક અને ઝડપી ફેલાવો કરવો જોઈએ. 14 વર્ષ સુધીનું ફરજિયાત મફત પ્રાથમિક શિક્ષણ આપવાની જવાબદારી સરકારની છે. સરકાર તે ગંભીરતાપૂર્વક અદા ન કરે તો લોકો અભણ રહે છે. તેમને માટે પ્રૌઢ શિક્ષણની અબજો રૂપિયાની યોજનાઓ કરે છે. આમ કરવાને બદલે પ્રાથમિક શિક્ષણ ફરજિયાતપણે ચુસ્ત રીતે અમલમાં લેવાય તે ડહાપણભર્યું ગણાય. દરેક માણસને શિક્ષણ મળે એટલે પોતાનું હિત કેવી રીતે થાય તે વાત તે સારી રીતે સમજી શકે છે. વિદ્યા દ્વારા અજ્ઞાનમાંથી, અંધશ્રદ્ધામાંથી, સંકુચિતતામાંથી અને વસ્તીવધારાના બોજામાંથી મુક્તિ મળે છે.

**(2) લગ્નની વય વધારવી :**

હાલમાં લગ્નની વય કન્યા માટે 18 વર્ષ અને વર માટે 21 વર્ષ નક્કી થયેલ છે. આ વયમર્યાદા વધારવામાં આવે તે પણ એક ઉપાય છે. છોકરીની વયમર્યાદા 21 વર્ષ અને છોકરાની વયમર્યાદા 25 વર્ષ કરવી જોઈએ. આપણી સંસ્કૃતિ પ્રમાણે વિચારીએ તોપણ આપણી આશ્રમવ્યવસ્થામાં ઋષિમુનિઓએ જીવનના જે ચાર ભાગ દર્શાવ્યા છે તેમાં શરૂઆતનાં 25 વર્ષ બ્રહ્મચર્યાશ્રમનાં ગણ્યાં છે. તે વખતે વિદ્યાર્થી રહીને વિદ્યાભ્યાસ કરવાનો હોય છે.

**(3) લાભાલાભની યોજનાઓ :**

બે બાળકો કરતાં વધુ બાળકો હોય તો તેમને સરકારી લાભ આપવા ઉપર તથા ચૂંટણીઓમાં ઉમેદવાર થવા ઉપર પ્રતિબંધ મૂકવો જોઈએ. તે ઉપરાંત એક બાળકવાળા કુટુંબોને પ્રોત્સાહન આપવા માટે વિશેષ લાભ, નોકરીમાં અગ્રતા, શાળા-કૉલેજના પ્રવેશમાં અગ્રતા, વિશેષ આર્થિક મદદ-લોન, સબસિડી વગેરેની યોજનાઓ ઉપકારક નીવડી શકે.

**(4) બાળઆરોગ્યસેવામાં વધારો :**

સારી આરોગ્યસેવાઓ પૂરી પાડીને બાળમૃત્યુ થતાં અટકાવવાથી પોતાનો પુત્ર જીવતો રહેશે એવો વિશ્વાસ પેદા થતાં અભણ-ગરીબ લોકો પણ વધારે પુત્રોને જન્મ આપવાની લાલચમાંથી છૂટશે. બાળમૃત્યુ-દર ઘટાડવો એ પણ એટલું જ જરૂરી છે.

**(5) કુટુંબનિયોજનની પદ્ધતિઓનો વ્યાપક પ્રચાર :**

કુટુંબકલ્યાણની પદ્ધતિઓનો વ્યાપક પ્રચાર કરવો અને ખાસ કરીને સ્ત્રીઓને આની વિશેષ સમજણ આપવી જોઈએ જેથી તેમનાં વહેમ અને અજ્ઞાન દૂર થાય. દરેક નવપરિણીત યુગલને આની વિશેષ સમજણ આપવી જોઈએ. તેને માટેની વિશેષ આર્થિક સહાય, આરોગ્યવિષયક સવલતો ને રોજગારીની તકો ઉદાર બનાવવી જોઈએ.

**(6) સલામત માતૃત્વની યોજના :**

પ્રસૂતિ વખતે સ્ત્રીઓનાં વૈદ્યકીય સારવારના અભાવે મોત નીપજે છે તે અટકાવવાં જોઈએ. જોકે રાજ્ય-સરકારે આ માટે અનેક સુવિધાઓ ઊભી કરી છે તેનો વ્યાપક લાભ ઉઠાવે અને ગરીબ સીમાન્ત અને છેવાડાનાં માણસો સુધી પહોંચે તો વિશ્વસનીયતા વધતી રહેશે.

દુનિયામાં વસ્તીના ભારણને કારણે આપણે આપણી શક્તિઓને ઉજાગર કરી શકતા નથી. ઊધઈની જેમ આપણી પ્રગતિને તે ખાઈ જાય છે. આનો સચોટ ઉપાય એ છે કે શિક્ષણ દ્વારા છેવાડાના માણસ સુધી વાત પહોંચાડવાનું સરળ બને છે. જોકે આજે તો પ્રચારમાધ્યમો દ્વારા બહુ ઝડપથી દરેક વાત કે બનાવ લોકો સમક્ષ પહોંચી જાય છે. હવે લોકોનાં વલણ પણ બદલાયાં છે તેવું આંકડા ઉપરથી સ્પષ્ટ દેખાય છે. શાળા-કૉલેજોમાં પણ 'વસ્તીસમસ્યા' વિષય ભારપૂર્વક શીખવવામાં આવે છે. પંચવર્ષીય યોજનાઓમાં પણ તેને ખાસ્સું સ્થાન આપવામાં આવે છે. આ અંગે લોકજાગૃતિ પણ વધતી જાય છે. આ બધું જોતાં ભવિષ્યમાં આપણે આ સમસ્યા પણ હલ કરીશું તેવી શ્રદ્ધા છે.

## સ્વાધ્યાય

**1.** આપેલા વિકલ્પોમાંથી સાચો (અ, બ, ક, ડ) પસંદ કરીને લખો :

(1) ભારતમાં દર કેટલા વર્ષે વસ્તીગણતરી કરવામાં આવે છે ? ☐

(1) પાંચ વર્ષે
(2) દસ વર્ષે
(3) સાત વર્ષે
(4) દર વર્ષે

(2) વિશ્વની વસ્તીના કેટલા ટકા વસ્તી ભારતમાં છે ? ☐

(1) સોળ ટકા
(2) દસ ટકા
(3) બાર ટકા
(4) અઢી ટકા

(3) લગ્ન વખતે વર અને કન્યાની કાનૂની ઉંમર કેટલી હોવી જોઈએ ? ☐

(1) 18 વર્ષ વરની 12 વર્ષ કન્યાની
(2) 16 વર્ષ વરની 14 વર્ષ કન્યાની
(3) 21 વર્ષ વરની 18 વર્ષ કન્યાની
(4) 25 વર્ષ વરની 21 વર્ષ કન્યાની

(4) કયા રાજ્યમાં સૌથી વધુ સાક્ષરતા અને સૌથી ઓછો વસ્તીવધારાનો દર છે ? ☐

(1) ગુજરાત
(2) કેરાલા
(3) રાજસ્થાન
(4) બિહાર

(5) આઝાદી આવી ત્યારે દેશના લોકોનું સરેરાશ આયુષ્ય કેટલા વર્ષનું હતું ? ☐

(1) 27 વર્ષ
(2) 64 વર્ષ
(3) 50 વર્ષ
(4) 72 વર્ષ

(6) શાથી 1921ની વસ્તીગણતરીમાં વૃદ્ધિદર ઘટવા પામ્યો છે ? ☐

(1) સંયમી જીવન જીવવાથી

(2) ઈન્ફ્લુએન્ઝા નામનો રોગ થવાથી.

(3) ધરતીકંપ થવાથી.

(4) કુટુંબનિયોજન કાર્યક્રમની અસરને કારણે

**2.** નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો :

(1) કેવી વસ્તી હોય તે દેશની પ્રગતિ ઝડપથી થાય છે ?

(2) ભારતમાં કયા રાજ્યમાં વસ્તીની ગીચતા સૌથી વધુ છે ?

(3) ભારતમાં કયા રાજ્યમાં શિક્ષણનું પ્રમાણ સૌથી ઓછું છે ?

(4) 2001ની વસ્તીગણતરી મુજબ ભારતની વસ્તી કેટલી છે ?

(5) આઝાદી બાદ મૃત્યુદરમાં ઘટાડો કેમ થયો છે ?

(6) મૃત્યુદરની વ્યાખ્યા આપો.

(7) જન્મદરની વ્યાખ્યા આપો.

(8) વિશ્વના કુલ ભૂમિવિસ્તારનો કેટલો ભાગ ભારતમાં છે ?

(9) સ્ત્રીશિક્ષણ માટે કેવા કેવા પ્રયત્નો કરવામાં આવે છે ?

(10) બેકારી શાથી વધે છે ?

**3.** કારણો આપો :

(1) વસ્તી એ દેશની સંપત્તિ છે.

(2) નદીકિનારાના વિસ્તારોમાં પહાડી પ્રદેશો કરતાં વસ્તી ગીચ હોય છે.

(3) ભારતમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા ઓછી છે.

(4) જન્મદરનું પ્રમાણ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં જુદું જુદું જોવા મળે છે.

(5) નિરક્ષરતા અને બેકારી એક બીજાને ટકાવે છે.

(6) શહેરોમાં ઝૂંપડપટ્ટી વધે છે.

(7) બાળલગ્નો હજીય થાય છે.

**4.** નીચેના પ્રશ્નોના ચારથી પાંચ વાક્યોમાં ઉત્તરો આપો :

(1) ગામડાંના લોકો શહેરો તરફ શા માટે આકર્ષાય છે ?

(2) વધુ બાળકો માટે લોકોનું સામાજિક વલણ જણાવો.

(3) વંશવેલો ચાલુ રાખવા અંગેના લોકોના ખ્યાલો સ્પષ્ટ કરો.

(4) વધુ બાળકો હોવા પાછળ લોકોની અજ્ઞાનતા રજૂ કરો.

(5) ભારતની વસ્તીની ગીચતા વિશે વિગતે લખો.

(6) ભારતની વસ્તીના કદ વિશે ચર્ચા કરો.

(7) ભારતની વસ્તીમાં સ્ત્રી-પુરુષના પ્રમાણની માહિતી આપો.

(8) જન્મદર અને મૃત્યુદર વિષે લખો.

5. નીચેના પ્રશ્નોના આઠથી દસ વાક્યમાં જવાબ આપો :

(1) ભારતમાં વસ્તીવધારાની સમસ્યાની મુદ્દાસર ચર્ચા કરો.

(2) વસ્તીવધારો અટકાવવા માટે કેવા ઉપાયો યોજવા જોઈએ ?

(3) 'શહેરો ઝડપથી મોટાં થતાં જાય છે.' આ વિધાન સમજાવો.

(4) વસ્તીવધારાનાં કારણો વિગતે ચર્ચો.

(5) વસ્તીવધારાનાં પરિણામો મુદ્દાસર રજૂ કરો.

●